પંખી લોક

★ પ્રવીણ સરવૈયા

# કબૂત બગલો (Grey Heron)

બગલાની જાતમાં પૂરા ત્રણ ફૂટનું કદ ધરાવતો બગલો એટલે કબૂત બગલો. તેને ભૂખરો અંજન પણ કહે છે. અંજન બગલા લાંબા પગવાળા બગલા છે. તેનું રહેઠાણ પાણીકાંઠો છે. હિન્દીમાં પણ તેને 'અંજન' કહે છે. અંગ્રેજીમાં તે 'ગ્રે હેરોન'એવા નામે ઓળખાય છે.

કબૂત બગલો રાખોડી રંગનો બહુ મોટો બગલો છે. કદમાં તે પાતળો અને ખુલ્લા પગવાળો છે. તેની





ડોકનો ભાગ સફેદપડતો હોય છે. તેની ડોક લાંબી અને અંગ્રેજીમાં 'એસ' અક્ષરના આકારની હોય છે. તેના માથા પર બે કાળાં પીંછાં છે, જે કલગી જેવાં લાગે છે. ચાંચ પીળાશપડતી, અણીદાર, મજબૂત ખંજર જેવી છે. તેની સફેદ ટોક પર ઊભી કાળી રેખાઓનાં ટપકાં છે. પગનો રંગ લીલાશપડતો પીળો છે.

મોટા ભાગે કબૂત બગલો એકલો જ દેખાય છે. જળાશયના છીછરા પાણીમાં તે એકલો સ્થિર ઊભો હશે. બીજા બે-પાંચ કબૂત બગલા હશે તો તેઓ છૂટાછવાયા ઊભા હશે. પાણીમાં ઊભાંઊભાં તે ઊંઘી ગયો હોય એવી મુદ્રામાં જોવા મળે છે, પરંતુ દેડકો કે માછલી જોતાં જ તે તરત ઝપટથી પકડી લેવાનું ચૂકતો નથી. તે પાણીમાં ધીમાં ડગલાં માંડે છે અને થોડીથોડી વારે સ્થિર ઊભો રહી જાય છે. શિકાર નજરે ચડતાં તે ડોકને લંબાવીને વીજળીવેગે ચાંચમાં પકડી લે છે કે વીંધી નાખે છે. પછી સર્પગ્રીવની જેમ શિકારને હવામાં ઊંચે ઉછાળે છે અને માથું પ્રથમ આવે એ રીતે ગળી જાય છે! કબૂત બગલો ડોકને ખભામાં સંકેલીને ઊડે છે. અંજનકુળના બગલાની આ લાક્ષણિકતા છે. તે એકધારું અને ઝડપી ઊડી શકે છે. ચોમાસાની ઋતુ તેની પ્રજનનઋતુ છે. આ વખતે નર અને માદાની છાતી પર સફેદ, લાંબાં પીંછાં આવે છે. માદામાં આ પીંછાં ઓછાં વિકસેલાં જોવા મળે છે. તે સમૂહમાં માળા બાંધે છે. માળા માટે જે ઝાડ પસંદ કર્યું હોય તે મોટા ભાગે જળાશયના કાંઠે જ હોય છે. બીજી જાતના બગલાઓના માળા પણ તેની સોબતમાં હોય છે. માળો બનાવવા માટે તે ડાળી અને સાંઠીનો ઉપયોગ કરે છે. માળો ગોળ ઓટલા જેવો હોય છે. તે માળાની વચ્ચેના ખાડામાં ઘાસ વગેરે પાથરીને પોચી ગાદી બનાવે છે. તેનાં ઈંડાંની સંખ્યા ત્રણથી પાંચ હોય છે. ઈંડાનો રંગ લીલો હોય છે. નર અને માદા બંને માળો બનાવવાથી માંડીને બચ્ચાં ઉછેરવાનું કામ કરે છે.

Heron કૂળના બગલાની બીજી જાતોમાં; નડી બગલો (Purple Heron), લીલી બગલી (Striated Heron), રાત બગલો (Black-crowned Night Heron) અને કાણી બગલી (Indian Pond Heron) આપણે ત્યાં વસે છે. દરેકની ખાસિયત, રંગ, દેખાવ જુદાં છે.  આ બધાંમાં કબૂત બગલો સાવ જુદો પડે છે. તો બક વર્ગનું પાણીકાંઠાનું આ પંખી જરૂર જોશો.

**પાણીમાં ઊભાંઊભાં તે ઊંઘી ગયો હોય એવી મુદ્રામાં જોવા મળે છે, પરંતુ દેડકો કે માછલી જોતાં જ તે તરત ઝપટથી પકડી લેવાનું ચૂકતો નથી**



# આ છે દુનિયાનું અનોખું ગામ, જ્યાં લોકો વૃક્ષો પર બનાવે છે પોતાના ઘર

દુનિયામાં એવી ઘણી જગ્યાઓ છે, જ્યાં લોકોનું જીવન સામાન્ય શહેરો અને ગામડાઓ કરતાં બિલકુલ અલગ અને અનોખું છે. આધુનિક ટેકનોલોજી અને સુવિધાઓથી દૂર, કુદરતના ખોળામાં જીવતા લોકોની રહેણીકહેણી આપણને આશ્ચર્યચકિત કરી દે છે. આવી જ એક અનોખી અને રોચક દુનિયા ઈન્ડોનેશિયાના પાપુઆ પ્રાંતના ઘનઘોર વર્ષાવનોમાં જોવા મળે છે. અહીં 'કોરવાઈ' જનજાતિના લોકો રહે છે, જેઓ ઊંચા-ઊંચા વૃક્ષો પર ઘર બનાવીને રહેવા માટે સમગ્ર વિશ્વમાં જાણીતા છે. તેમના આ ટ્રી હાઉસ જોઈને કોઈ પણ દંગ રહી જાય તેમ છે.

કોરવાઈ સમુદાયના વૃક્ષો પર બનેલા ઘર જમીનથી ઘણી ઊંચાઈ પર હોય છે. કેટલાક ઘરો લગભગ 10થી 50 મીટર સુધીની ઊંચાઈ પર બનાવવામાં આવે છે. ઘનઘોર જંગલની વચ્ચે ઊંચા વૃક્ષો પર બનેલા આ ઘરો દૂરથી જોવા પર કોઈ અનોખી દુનિયાનો હિસ્સો લાગે છે. ઘર સુધી પહોંચવા માટે વૃક્ષના થડ અથવા લાકડામાંથી બનાવેલી સીડીઓનો ઉપયોગ કરવામાં આવે છે. લાકડા અને પ્રાકૃતિક વસ્તુઓથી તૈયાર થાય છે ઘર: આ ટ્રી હાઉસ





બનાવવા માટે આસપાસના જંગલોમાંથી મળતી પ્રાકૃતિક વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. લાકડાં, પાંદડાં અને વૃક્ષની અન્ય સામગ્રીની મદદથી ઘર તૈયાર કરવામાં આવે છે. સીમિત સાધનો હોવા છતાં આ ઘરોને એવી રીતે બનાવવામાં આવે છે કે લોકો તેમાં રહી શકે અને રોજિંદુ જીવન વિતાવી શકે.

આખરે વૃક્ષો પર જ કેમ રહે છે લોકો? વૃક્ષો પર ઘર બનાવવા પાછળ ઘણાં કારણો બતાવવામાં આવે છે. ઘનઘોર જંગલોમાં જમીનથી ઉપર રહેવું એ જંગલી પ્રાણીઓ અને બીજી મુશ્કેલીઓથી બચવાનો એક ઉપાય માનવામાં આવે છે. આ સિવાય ઊંચાઈ પર બનેલા ઘરો આસપાસના વિસ્તાર પર નજર રાખવામાં પણ મદદ કરે છે. જોકે, કોરવાઈ સમુદાયના જીવન અને તેમના ઘરોને લઈને અલગ-અલગ અહેવાલોમાં અલગ-અલગ વિગતો મળે છે. આ સમાચાર પણ સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ વાયરલ માહિતી પર આધારિત છે. ન્યૂઝ18 આ વીડિયો સાથે જોડાયેલા દાવાની સ્વતંત્ર પુષ્ટિ કરતું નથી.

જંગલ જ છે તેમના જીવનનો હિસ્સો: કોરવાઈ જનજાતિનું જીવન જંગલ અને પ્રાકૃતિક વાતાવરણ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલું રહ્યું છે. ખોરાક, ઘર બનાવવાની સામગ્રી અને રોજિંદી ઘણી જરૂરિયાતો માટે આ સમુદાય પરંપરાગત રીતે આસપાસના પ્રાકૃતિક સંસાધનો પર નિર્ભર રહ્યો છે.